# યુદ્ધ અને કલા

## ‘ગોડ ઈઝ ગિલ્ટી’ કહેનારો નાટ્યકાર!

**સંગત સિતારોં કી**


★ સંજય છેલ

તાનાશાહ હિટલરના જમાનામાં જંગના માહોલમાં એક જર્મન લેખકે કહેલું, ‘ઓરડાની ભીંત પર સૂર્યપ્રકાશનાં બે અંડાકાર પ્રતિબિંબ પડતાં હતાં અને એને તાકતાં અચાનક મને વિચાર આવ્યો કે યુદ્ધમાં જો માણસ નપુંસક થઈ ગયો હોય એને દુનિયા કેવી દેખાય? ખાલી ઈંડા જેવી! “આપણે તંદુરસ્ત અને નોર્મલ આંખે ઘણુ બધું બરાબર જોઈ નથી શકતા. એ માટે ઝિંદગીને મોતનાં ચશ્મા લગાડી જોવી પડે છે.” આ શબ્દો અર્નસ્ટ ટૉલર નામનાં જર્મન કવિ-નાટ્યકાર, ક્રાંતિકારી વિચારકના છે.

આજકાલ ઈરાન અને ઈઝરાયેલ વાયા અમેરિકા અને યુક્રેન અને રશિયા વચ્ચે ઘણા વખતથી જે યુદ્ધો ચાલી રહ્યાં છે એણે કારણએ આખું જગત મહાયુદ્ધનાં સંકટમાં સપડાઈ ગયું છે. યુદ્ધની ભયાનકતા પણ સામે એ પણ સત્ય છે કે જો મહાભારતનું યુદ્ધ ના થયું હોત તો આપણને ભગવદ્ ગીતા જેવો મહાગ્રંથ ના મળ્યો હોત, ટૉલ્સ્ટૉયની ‘વોર એંડ પીસ’ જેવી મહાન નવલકથા ના મળી હોત. ‘પ્લેટૂન’ કે ‘શિંડલર્સ લિસ્ટ’ જેવી હોલીવૂડની અદ્ભૂત ફિલ્મો ના મળી હોત કે અર્નસ્ટ ટૉલર જેવો નાટ્યકાર ના થયો હોત.

૨૨ મે ૧૯૨૯ના રોજ આત્મહત્યા કરનાર અર્નસ્ટ ટૉલર, જન્મે યહુદી, કર્મે કવિને નાટ્યકાર. નવમાં વર્ષે કવિતાઓ લખવાનું શરૂ કર્યું, બાપનું કેન્સરમાં મૃત્યુ થયું એટલે ટૉલરે લશ્કરમાં દાખલ થવું પડ્યું. યુદ્ધમાં તોપખાનાની કામગીરી અને ઘાતકી અનુભવો જોઈને, જૂઠી ને ઘાતકી દેશભક્તિથી એને નફરત થઈ ગઈ. આજન્મ યુદ્ધને જુઠા રાષ્ટ્રવાદને એ ધિક્કારતો રહ્યો. હજારોની મેદનીને સંબોધીને જર્મન સરકાર અને યુદ્ધ વિરુદ્ધ બોલવા બદલ વાંરવાર એણે જેલમાં જવું પડ્યું, મંચ પર પથ્થરો ખાધા અને હદ તો ત્યારે થઈ ગઈ કે જ્યારે ટૉલરની સગી માએ સરકારને કહ્યું કે- “મારો દીકરો પાગલ છે, એની માનસિક તપાસ કરાવો!” માત્ર ૪ જ દિવસ પાગલખાનામાં ગુજારીને જગતને જોવાની ટૉલરની દ્રષ્ટિ જ બદલાઈ ગઈ.

યુદ્ધે, ટૉલરની અનુભૂતિઓને હચમચાવી નાખી હતી અને એટલે જ એ ક્રૂર હિટલર વિરુદ્ધ સતત જાહેરમાં ભાષણો આપતો. અર્નસ્ટ ટૉલરે ‘મેન એન્ડ માસીઝ’ નાટક જ્યારે ૧૯૨૧માં બર્લિન ખાતે રજૂ કર્યું ત્યારે વિચિત્ર ચહેરાઓવાળું વિશાળ ભયાનક ટોળું ધીમે ધીમે ચાલીને હાથકડીથી બંધાયેલા એક માણસ તરફ નજીક આવે છે. એ માણસ ટોળાંને પૂછે છે:



“તમે કોણ છો? ઓ ચહેરા વિનાનાં આકારો? કોણ છો?” ટોળું કહે છે: “જનતા... જનતા..અમે જનતા છીએં!” ગુજરાતી ભાષાનાં સુંદરમ્ જેવા મહાકવિ-સાહિત્યકારે ટૉલરનાં નાટકોનાં ‘કાયાપલટ’, ‘જન અને જનતા’, ‘હિન્કમાન’ અને ‘હોપ્લા, ‘ઐસી હૈ જિન્દગી!’ જેવાં અદ્‌ભૂત અનુવાદો આપ્યા છે. પણ એ વિશે કેટલાંને ખબર છે? આપણને તો માત્ર ધોતિયા ફાડીને રૂમાલ બનાવતી કોમેડીઓમાં રસ પડે છેને? ટૉલરનાં નાટકોને જર્મનીનાં એ.સી. હોલમાં નહિ પણ મજૂરોએ ખુલ્લા મેદાનોમાં ભજવ્યાં હતા. નાઝીઓએ લગાવેલી આગમાંથી પોતાના નાટકોની કોપીઓને બચાવતો બચાવતો એ સતત લખ્યા જ કરતો અને બિન્દાસ સભાઓમાં વિદ્રોહ કરતો.

ટૉલરની આત્મકથા ‘આઈ વોઝ જર્મન’નો એક કિસ્સો તો એને વ્યક્તિ તરીકે પણ ઉંચાઈ પર મૂકી દે છે. એકવાર એણે જેલમાંથી ભાગી જવાનો પ્લાન કર્યો હતો. પણ આખા પ્લાનમાં જેલના વોર્ડનનું ખૂન થવાની શક્યતા હોવાની ખબર પડી ત્યારે છેલ્લી ઘડીએ એણે ભાગી જવાનું માંડી વાળ્યું ને બદલામાં એણે પાંચ વર્ષ જેલમાં રિબાઈને કાઢ્યા! થોડાં દિવસ પછી એજ વોર્ડન સાથે ટૉલર અને એનો કેદી મિત્ર, પાસેના શહેરમાં દવાખાને જઈ રહ્યાં હતાં. સાંકડી, નિર્જન ગલીમાં વોર્ડનને ધક્કો મારીને ભાગીને ઓસ્ટ્રિયા પહોંચી શક્યા હોત, પણ આ દરમિયાન ટૉલરે ‘હિન્કમાન’ નાટક લખવાનું શરૂ કર્યું હતું. પણ એનો મિત્ર થોભી શકે એમ નહોતો. નાટક, છેલ્લા દ્રશ્ય સુધી પહોંચ્યું હતું. મિત્રે એને એક દિવસની મોહલત આપી. બીજે દિવસે ભાગવાનું હતું. ટૉલરે, આખી રાત વિચાર્યું કે નાસી જવું કે નાટક પૂરું કરવું? એણે ભાગવાને બદલે નાટક લખવાનું પંસદ કર્યું! ટૉલરનો મિત્ર નાસી છૂટ્યો. આમ, એકવાર માનવપ્રેમે અને બીજીવાર શબ્દપ્રેમે ટૉલરને કેદમાંથી ભાગી જતો અટકાવ્યો. આપણાં સાહિત્યકારોની જેમ એ હિંચકે બેસીને ટહૂકાંઓ સાંભળતાં સાંભળતાં ખાલી ફિલોસોફીઓ નહોતો હાંકતો, ટૉલરનાં વિચાર-વાણી-વર્તનમાં કોઈ જ ફરક નહોતો.

‘હિન્કમાન’ નાટકમાં એક હેન્ડસમ સૈનિકનું ગુપ્તાંગ છેદાઈ જતાં એ કેવી અસહાય હાલતમાં, જીવનની વંધ્યતામાં ગરક થઈ જાય છે, એની વાત ટૉલરે કરી હતી. સરકસમાં એ નપુંસક હિરો ‘જીવતા ઉંદરને ખાઈ જવાનો’ મર્દાના ખેલ કરી બતાવે છે! ઓડિયન્સમાં યુવાન છોકરીઓ એના કદાવર શરીરને જોઈ સિસકારાં બોલાવે છે, તાળીઓ પાડે છે અને આ બાજુ એ સૈનિકની પત્ની કોઈ બીજા જ પુરુષની સાથે એ જ ખેલ જોવા આવી હોય છે. એની પત્ની સાથેનો પુરુષ કહે છે, ‘સાલ્લું, આવું તે તૂત કયારેય જોયું છે? જીવતા ઉંદર


**હૉલીવુડમાં ફિલ્મ માટે વાર્તાઓ લખી પણ વેચાઈ નહીં, પછી સ્પેન જઈ આંતરવિગ્રહમાં મજૂરનું કામ કર્યું અને છેવટે ત્યાં જ એણે માનવતાવાદી ચળવળ અધૂરી મૂકવી પડી**

ખાનારો વીર નર! એ તો હિજડો કહેવાય તેવો!’ ત્યારે હિન્કમાન કહે છે, “દુનિયાનો આત્મા નાશ પામ્યો છે, જેમ મારી ઈન્દ્રિય નાશ પામી છે!”

એકવાર એનાં એક શોમાં હુલ્લડ થયું. હિટલરના ભાડૂતી માણસોએ એના વિરોધમાં ખૂબ બૂમાબૂમ કરી, આ ધમાલમાં ઓડિયન્સમાં બેઠેલો એક માણસ હાર્ટએટેકથી મરી ગયો પણ કોઈનું એ મરતા માણસ પર ધ્યાન જ ના ગયું. સૌ આવેશથી દેશપ્રેમનાં ગીતો લલકારવામાં મસ્ત હતા પછી એક માણસે લાશ પાસે નીચે ઝૂકીને મરનારનું નાક તપાસ્યું અને બોલ્યોઃ “છીઈઈઈ! આ તો યહૂદી છે, ગંદો સાલો.”

ટૉલરે આ સામૂહિક હિંસા અને નફરતી ઝેર સામે ખુલ્લેઆમ લખ્યું. ટૉલરે ઘણાંય ખેલ ખેલેલા. ફ્રાંસ, જર્મની, ઈંગ્લેન્ડ, અમેરિકા વચ્ચે એ ફંગોળાતો રહ્યો. હૉલીવુડમાં ફિલ્મ માટે વાર્તાઓ લખી પણ વેચાઈ નહીં, પછી સ્પેન જઈ આંતરવિગ્રહમાં મજૂરનું કામ કર્યું અને છેવટે ત્યાં જ એણે માનવતાવાદી ચળવળ અધૂરી મૂકવી પડી.

કારકિર્દીને અંતે ‘હોપ્લા! ઐસી હૈ જિંદગી!’ નાટક લખ્યું જેમાં હીરો કાર્લ, ટૉલરનું જ પ્રતિબિંબ છે. ક્રાંતિકારીઓ પોતે જોયેલા સારા સમાજના સ્વપ્નને કઈ રીતે નજર સામે તૂટતું જુએ છે એની કરુણતા એમાં છે. પોતાની સગી માતાને પોતાનામાં જે પાગલપણું દેખાયેલું એની વાત પણ એમાં આવે છે. નાટકનો હીરો રજાઈમાંથી એક ચીંથરું ફાડીને આત્મહત્યા કરે છે. કહેવાય છે કે ટૉલરે એ જ રીતે પાછળથી જીવનનો અંત આણેલો! કારમી નિરાશામાં એનાં બધાં જ મૂલ્યો ૨૨-૫-૧૯૩૯માં મોત સામે ઓગળી ગયાં. અર્નસ્ટ ટૉલરના જીવનના કરુણ અંતને જોતાં એના જ નાટકનું પાત્ર યાદ આવે છે, જે ગુસ્સામાં બરાડતું, “ગિલ્ટી, ગિલ્ટી, ગોડ ઈઝ ગિલ્ટી”- “દોષી છે,





# ખાખીથી ખાદી સુધી!

## ૨૧મી સદીના રાજકારણનો એક અનોખો ફિનોમિના

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર

ભારતીય રાજનીતિમાં સામાન્ય રીતે એવું જોવા મળે છે કે નેતાઓ વર્ષોની ચાપલુસી, કૌટુંબિક બેકગ્રાઉન્ડ અથવા જ્ઞાતિગત સમીકરણોના જોરે આગળ આવે છે, પરંતુ આ ભીડથી અલગ, દક્ષિણ ભારતના રાજકીય ફલક પર એક એવો ચહેરો ઉભરી આવ્યો હતો, જેણે પ્રસ્થાપિત વ્યાખ્યાઓને ધ્વસ્ત કરી નાખી. એ ચહેરો એટલે કુપ્પુસામી અન્નામલાઈ. એક ખેડૂતનો દીકરો, દેશની સર્વોચ્ચ એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ સંસ્થાઓનો વિદ્યાર્થી, કર્ણાટક પોલીસનો ‘સિંગમ’ આઈપીએસ અધિકારી અને ત્યારબાદ તમિલનાડુ ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે સનાતન સંઘર્ષ કરનાર જનતાનો નેતા.

વર્ષ ૨૦૨૬ના વર્તમાન રાજકીય પરિદ્રશ્યમાં અન્નામલાઈએ તમિલનાડુ ભાજપના પ્રમુખપદેથી રાજીનામું આપીને દિલ્હી તરફ પ્રયાણ કર્યું છે, ત્યારે દેશભરના રાજકીય વિશ્લેષકો તેમના આગામી કદમ પર નજર રાખી રહ્યા છે. આપણે અન્નામલાઈના બાળપણ, આઈપીએસ તરીકેની તેમની સનસનાટીભર્યા કરિયર, અચાનક રાજીનામું આપવા પાછળનું આધ્યાત્મિક રહસ્ય અને તમિલનાડુની દ્રવિડિયન રાજનીતિમાં રાષ્ટ્રવાદનો ભગવો લહેરાવવા માટે તેમણે ખેડેલી કપરી આર્થિક-સામાજિક યાત્રા વિશે જાણીએ.

કે. અન્નામલાઈનો જન્મ ૪ જૂન, ૧૯૮૪ના રોજ તમિલનાડુના કરુર જિલ્લાના સોકામપત્તી નામના એક સામાન્ય ગામમાં કૃષિ પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારમાં થયો હતો. તેમના પિતા એક સામાન્ય કપાસના ખેડૂત હતા. ગ્રામીણ વાતાવરણમાં ઉછરેલા અન્નામલાઈએ બાળપણથી જ ભારતના કૃષિ સંકટ અને સામાન્ય માણસની મુશ્કેલીઓને બહુ નજીકથી જોઈ હતી.

શિક્ષણ પ્રત્યેની તેમની ભૂખ અદભુત હતી. શાળા અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, તેમણે કોઈમ્બતુરની પ્રતિષ્ઠિત પીએસજી કોલેજ ઓફ ટેકનોલોજીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી. આટલાથી ન અટકતા, તેમણે ભારતની સૌથી અઘરી ગણાતી મેનેજમેન્ટ પરીક્ષા પાસ કરી અને આઈઆઈએમ લખનૌમાં પ્રવેશ મેળવ્યો, જ્યાંથી તેમણે એમબીએની પદવી લીધી. કોર્પોરેટ જગતમાં લાખો રૂપિયાના પેકેજની નોકરીઓ તેમની સામે હોવા છતાં, તેમનું લક્ષ્ય દેશની વહીવટી સેવા દ્વારા સમાજમાં મોટો બદલાવ લાવવાનું હતું. આ જ જીદ સાથે તેમણે યુપીએસસીની તૈયારી શરૂ કરી અને ૨૦૧૧માં ભારતીય પોલીસ સેવામાં પસંદગી પામ્યા હતા. અન્નામલાઈને આઈપીએસ તરીકે કર્ણાટક કેડર ફાળવવામાં આવી હતી. નોકરીની શરૂઆતથી જ તેમની કડક, ઈમાનદાર અને જન-કેન્દ્રિત કાર્યશૈલીને કારણે તેઓ ટૂંક સમયમાં જ લોકપ્રિય બની ગયા હતા.

કારવાર, ઉડુપી અને ચિકમગલુર જેવા સંવેદનશીલ જિલ્લાઓમાં એસપી તરીકે કામ કરતી વખતે તેમણે ડ્રગ માફિયાઓ, ગેરકાયદેસર ખનન (માઈનિંગ) અને સાંપ્રદાયિક તણાવ ફેલાવતા તત્વો સામે કડક ઝુંબેશ ચલાવી હતી. જ્યારે તેઓ ઉડુપીના એસપી હતા અને સરકાર દ્વારા તેમની બદલી કરવાનો આદેશ આપવામાં આવ્યો, ત્યારે ત્યાંની સામાન્ય જનતા, ખાસ કરીને યુવાનો, રસ્તા પર ઉતરી આવ્યા હતા અને બદલી રોકવા માટે વિરોધ પ્રદર્શનો કર્યા હતા. કોઈ આઈપીએસ અધિકારી માટે જનતાનો આવો પ્રેમ ભારતમાં ભાગ્યે જ જોવા મળે છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ તરીકે વ્યાપારી હબ ગણાતા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તેમણે

**ખાખી વર્દીથી શરૂ થયેલી કરુરના આ સિંહની સફર આગામી દિવસોમાં ભારતના રાષ્ટ્રીય રાજકારણને કઈ નવી દિશા આપે છે, તે જોવું રસપ્રદ રહેશે. ભારતભરના યુવાનો માટે અન્નામલાઈ હંમેશાં એક પ્રેરણાસ્ત્રોત રહેશે કે સમય ગમે તેવો હોય, પોતાના સિદ્ધાંતો પર અડી રહીને લડતા રહેવું જ અસલી વિજય છે!**

ટેકનોલોજી અને ડેટા આધારિત પોલીસિંગનો ઉપયોગ કરીને ગુનાખોરીનો દર નહિવત કરી દીધો હતો. મે ૨૦૧૯ માં જ્યારે અન્નામલાઈ પોતાના કરિયરના સર્વોચ્ચ શિખર પર હતા, ત્યારે તેમણે અચાનક આઈપીએસ પદેથી રાજીનામું આપીને સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો. એક તેજસ્વી અધિકારી જે ભવિષ્યમાં રાજ્યના ડીજીપી બની શક્યા હોત, તેમણે ખાખી વર્દી કેમ છોડી? તેમના વિદાય પત્રમાં આ રહસ્ય પરથી પડદો ઉંચકાયો હતો. રાજીનામાના એક વર્ષ પહેલાં અન્નામલાઈએ તિબેટમાં કેલાસ માનસરોવરની ધાર્મિક યાત્રા કરી હતી. હિમાલયની શાંતિ અને આધ્યાત્મિક વાતાવરણમાં તેમને ભાન થયું કે જીવનની અસલી પ્રાથમિકતાઓ પદ અને સત્તા નથી, પરંતુ દેશના છેવાડાના માણસ સુધી સીધા પહોંચવાની છે. વર્ષ ૨૦૧૮ના ડિસેમ્બરમાં તેમના વરિષ્ઠ સહયોગી અને આઈપીએસ અધિકારી મધુકર શેટ્ટીનું સ્વાઈન ફ્લૂના કારણે અકાળે અવસાન થયું હતું. મધુકર શેટ્ટી એ જ બાહોશ અધિકારી હતા, જેમણે બલ્લારીના ગેરકાયદે ખનન કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. અન્નામલાઈએ લખ્યું હતું કે, મધુકર સરના મોતથી મેં મારા પોતાના જીવનની સમીક્ષા કરી કે જીવન બહુ ટૂંકું છે, મારે વ્યાપક ફલક પર જનસેવા કરવી જોઈએ.


વર્ષ ૨૦૨૦માં અન્નામલાઈએ સત્તાવાર રીતે ભારતીય જનતા પાર્ટીનો ભગવો ખેસ ધારણ કર્યો હતો. તમિલનાડુ એવું રાજ્ય છે જ્યાં છેલ્લા ૫૦ વર્ષથી દ્રવિડ મુન્નેત્ર કઝગમ (ડીએમકે) અને ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુન્નેત્ર કઝગમ (એઆઈએડીએમકે) જેવી દ્રવિડિયન વિચારધારા ધરાવતી પાર્ટીઓનું એકહથ્થુ શાસન રહ્યું છે. ત્યાં ભાજપને ‘ઉત્તરી ભારતની હિન્દી ભાષી પાર્ટી’ કહીને નકારી કાઢવામાં આવતી હતી. આવા પ્રતિકૂળ વાતાવરણમાં કેન્દ્રીય નેતૃત્વએ ઓગસ્ટ ૨૦૨૧માં માત્ર ૩૭ વર્ષની નાની ઉંમરે અન્નામલાઈને તમિલનાડુ ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરીને મોટો જુગાર ખેલ્યો હતો. અન્નામલાઈએ આ પડકારને એક તક તરીકે લીધો. તેમણે પરંપરાગત બંધ રૂમની રાજનીતિ છોડીને આક્રમક ઓન-ફિલ્ડ પ્રચાર શરૂ કર્યો હતો.

તમિલનાડુના ખૂણે-ખૂણા સુધી રાષ્ટ્રવાદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ કાર્યોના સંદેશને પહોંચાડવા માટે અન્નામલાઈએ ૨૦૨૩-૨૪માં ‘એન મણ, એન મક્કલ’ નામની ઐતિહાસિક પદયાત્રા શરૂ કરી હતી. આ યાત્રા દરમિયાન તેમણે હજારો કિલોમીટર પગપાળા ચાલીને તમિલનાડુની સંસ્કૃતિ, તમિલ ભાષાના ગૌરવ અને સનાતન ધર્મના જોડાણને પ્રસ્થાપિત કર્યું હતું. તેમણે ‘ડીએમકે ફાઈલ્સ’ જાહેર કરીને શાસક પરિવારના કથિત ભ્રષ્ટાચારોનો પર્દાફાશ કર્યો, જેનાથી તમિલનાડુના યુવાનોમાં તેઓ રાતોરાત હીરો બની ગયા હતા. તેમના કારણે જ તમિલનાડુમાં ભાજપનો વોટ શેર સિંગલ ડિજિટમાંથી વધીને ડબલ ડિજિટમાં પહોંચ્યો હતો.

હવે અન્નામલાઈએ તમિલનાડુ ભાજપ પ્રમુખ પદેથી રાજીનામું આપીને રાજકીય જગતમાં સનાતની ભૂકંપ લાવી દીધો છે. આ નિર્ણય પાછળ તેમની સૈદ્ધાંતિક રાજનીતિ જવાબદાર માનવામાં આવે છે. અન્નામલાઈ રાજ્યમાં ભ્રષ્ટાચાર મુક્ત અને કોઈપણ દ્રવિડિયન પક્ષના ટેકા વગર ભાજપને એકલા હાથે સ્થાપિત કરવા માગતાં હતા. પરંતુ, દિલ્હી સ્થિત કેન્દ્રીય નેતૃત્વ ચૂંટણી જીતવા માટે એઆઈએડીએમકે સાથે ગઠબંધન કરવા ઉત્સુક હતું. એક આદર્શવાદી અને કડક પૂર્વ પોલીસ અધિકારી હોવાના નાતે અન્નામલાઈએ ગઠબંધન સાથે બાંધછોડ કરવાના બદલે પદ ત્યાગવાનો વહેવારુ રસ્તો પસંદ કર્યો. તેમનો આ નિર્ણય દર્શાવે છે કે તેઓ સત્તા ભોગવવા માટે પોતાના સિદ્ધાંતોની આહુતિ આપવા તૈયાર નથી.

કે. અન્નામલાઈનું જીવન એ વાતની જીવંત સાબિતી છે કે જો તમારા ઈરાદાઓ નેક હોય અને હૃદયમાં દેશદાઝ હોય, તો તમે કોઈપણ ક્ષેત્રમાં જઈને ઈતિહાસ રચી શકો છો. ભલે તેઓ અત્યારે તમિલનાડુ ભાજપના પ્રમુખ નથી, પરંતુ તેમની રાજકીય સફરનો આ અંત નથી, માત્ર એક અલ્પવિરામ છે.

દિલ્હીના હાઈકમાન્ડ વર્તુળોમાં ચર્ચા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા વરિષ્ઠ નેતાઓ અન્નામલાઈની વહીવટી ક્ષમતા અને ઈમાનદારીથી અત્યંત પ્રભાવિત છે, અને ટૂંક સમયમાં જ તેમને કેન્દ્રીય સ્તરે કોઈ મોટી સંગઠનાત્મક અથવા વહીવટી જવાબદારી સોંપવામાં આવી શકે છે, પરંતુ એવું કાંઈ થયું નહીં અને અન્નામલાઈએ નવી પાર્ટીની જાહેરાત પણ કરી દીધી છે. અન્નામલાઈને એક જ દિવસમાં 10 લાખ લોકોએ સપોર્ટ જાહેર કર્યો છે. ખાખી વર્દીથી શરૂ થયેલી કરુરના આ સિંહની સફર આગામી દિવસોમાં ભારતના રાષ્ટ્રીય રાજકારણને કઈ નવી દિશા આપે છે, તે જોવું રસપ્રદ રહેશે. ભારતભરના યુવાનો માટે અન્નામલાઈ હંમેશાં એક પ્રેરણાસ્ત્રોત રહેશે કે સમય ગમે તેવો હોય, પોતાના સિદ્ધાંતો પર અડી રહીને લડતા રહેવું જ અસલી વિજય છે!



# જે નથી તે નથી

**આંખની અટારી**

★ હેમુ ભીખુ

જો કે ‘જે છે તે છે’ ની વાત પણ થઈ શકે, પરંતુ જે નથી તે વધુ દ્રઢતાથી મનનો કબજો કરી લે છે. જે છે તેની કિંમત ઓછી હોય છે અને જે નથી તેને વધારે કિંમતી ગણવામાં આવે છે. તેથી મનની શાંતિ માટે ‘જે નથી તે નથી’ તે સ્વીકારી લેવું વધુ ઈચ્છનીય છે.


મનોવિજ્ઞાનના સિદ્ધાંત મુજબ ‘જે નથી’ તેની ભાવનાત્મક અસર વધુ રહે છે. સનાતની વિચારધારામાં ‘અભાવની પ્રતીતિ’ આ જ વાત કરે છે. જે વસ્તુ મળી જાય, જે વસ્તુ સરળ હોય, જે વસ્તુ સામાન્ય લાગે; તેનાથી વિપરીત પ્રાપ્ત કરવાની ખેવના લગભગ દરેકમાં હોય છે; દુર્લભ, મુશ્કેલ, ગેરહાજર, અપ્રાપ્ય કે દૂરની વસ્તુ પ્રાપ્ત કરવાની તમન્ના લગભગ બધાંને હોય છે. પાણીની કિંમત ત્યારે જ થાય જ્યારે રણમાં બે-ત્રણ દિવસ સુધી પાણી ન મળે, નહીંતર પાણીનો બગાડ સામાન્ય છે. આવું પરિવાર, પ્રેમ, હૂંફ જેવી ભાવના માટે પણ કહી શકાય. અભાવ વધુ આકર્ષક લાગે છે, અભાવનું આકર્ષણ વધુ હોય છે. જે રોજ મળે છે તેની આદત પડી જાય છે, તેને ‘ટેકન ફોર ગ્રાન્ટેડ’ લેવાય છે, તેની સાથે મન ‘પરિચિત’ થઈ જાય છે, તેમાં વધારાની કે નવીન સંભાવના જણાતી નથી, ક્યારેક તો તે પ્રાપ્ત હોવાનું ‘સુખ’ પણ અનુભવાતું નથી. મન હંમેશા ભવિષ્ય તરફ નજર કરે છે, જેને કારણે વર્તમાનમાં જે હયાત છે તેનું મહત્વ ઓછું જણાય છે.

**જે નથી અથવા નથી પ્રાપ્ત થયું તે પણ, ઈશ્વર કૃપાથી, આપણાં હિત માટે હોઈ શકે. જે કંઈ પ્રાપ્ય છે તેનો વ્યવસ્થિત અને યોગ્ય ઉપયોગ કરવાનો છે અને જે નથી તેમાં નથી આસક્તિ રાખવાની કે નથી તે માટે લાલચ કરવાની**

અસંતોષ વિકાસ અને પ્રગતિ માટે જરૂરી છે, પરંતુ કંઈક શીખવા મળ્યું હોય છે, પરિસ્થિતિની વાસ્તવિકતા ધ્યાનમાં આવી હોય છે અને પોતાની ક્ષમતા વિશે પણ સાચી જાણ થઈ ચૂકી હોય છે; એમ માની સંતોષ માનવો. જે નથી તે તો નથી જ, પણ જે નથી થઈ શક્યું તે પણ બરાબર છે.

લોક કહેવતો સંસ્કૃતિનું એક અગત્યનું અંગ છે. આવી કહેવતો પણ ઘણું કહી જાય. જ્યારે એમ કહેવામાં આવે કે ‘જે મળે તેને મીઠું માની લેવું’ ત્યારે પરિસ્થિતિનો જેમ છે તેમ સકારાત્મક સ્વીકાર કરવાની વાત છે. ‘દૂરના ઢોલ સુહાવના’ દ્વારા એમ કહેવામાં આવતું હોય છે કે દૂર રહેલી વસ્તુ હંમેશા વધુ સારી લાગે છે; વ્યક્તિ એમ વિચારે કે ત્યાં વધારે સુખ છે, ત્યાં જીવન વધારે સારું છે, ત્યાં વધુ સારું સંગીત-ઢોલ છે. જ્યારે એમ કહેવામાં આવે કે ‘હાથમાંનું છોડીને ઝાડ પરનું પકડવું’ ત્યારે જે છે તેને છોડીને જે નથી તેની પાછળ દોડવાની વાત હોય છે. આ પ્રકારની પ્રક્રિયામાં જે હાથમાં છે તે પણ ક્યાંક છૂટી જાય. આમ પણ ‘ઘરની મુરઘી દાળ બરાબર’ જ લાગતી હોય છે.

પ્રયત્નમાં કોઈ કમી ન રાખવી પરંતુ જે કોઈ પરિણામ સ્થાપિત થાય તેને પ્રસાદ તરીકે સ્વીકારી લેવું. જે પ્રાપ્ત નથી થયું તે નથી થયું. દરેક પરિણામ પાછળ કોઈ અગમ્ય કારણ હોય તેમ માનવું; આ કારણને નિયતિ પણ કહી શકાય. જે નથી અથવા નથી પ્રાપ્ત થયું તે પણ, ઈશ્વર કૃપાથી, આપણાં હિત માટે હોઈ શકે. જે કંઈ પ્રાપ્ય છે તેનો વ્યવસ્થિત અને યોગ્ય ઉપયોગ કરવાનો છે અને જે નથી તેમાં નથી આસક્તિ રાખવાની કે નથી તે માટે લાલચ કરવાની. ગીતાના સિદ્ધાંત પ્રમાણે કર્મ કરવાનું, જે નથી તે મળે જ તેવો આગ્રહ નહીં રાખવાનો. કંઈ મળે છે તેનાથી સંતોષ અને આનંદ અનુભવે તે વ્યક્તિને ‘સ્થિતપ્રજ્ઞ’ કહેવાય; આવી વ્યક્તિ ક્યારેય જે નથી તેનો વસવસો ન કરે. જે નથી તે નથી.



વર્તમાન પરિસ્થિતિથી સંતોષ પણ એટલો જ અગત્યનો છે; નહીંતર એમ બની શકે કે વર્તમાન ગુમાવી દેવાય અને ભવિષ્ય કલ્પનામાં જ રહે. સંતોષ વિના શાંતિની અનુભૂતિ શક્ય નથી; તેથી જ કહેવાય છે કે સંતોષમાં જ પરમસુખ છે. અસંતોષ હોય તો કરોડપતિ પણ દુઃખી જણાય. સંતોષ એટલે જે છે તેની, જેમ છે તેમ, અને જે નથી તે નથી; તેની સ્વીકૃતિ. સંતોષની વૃત્તિ જે કંઈ પ્રાપ્ય છે તે માટે કૃતજ્ઞતાના ભાવથી, બિનજરૂરી તુલના ન કરવાથી, વર્તમાનને વધુ મહત્વ આપવાથી કે આધ્યાત્મિકતાના માર્ગ પર જવાથી કેળવી શકાય. જે કંઈ પ્રાપ્ત છે તેને ‘કૃપા’ સમજી સંતોષ માનવો જોઈએ.

‘જે નથી’ તેની પાછળ દોડી શકાય પરંતુ તેમાં વિવેક, મર્યાદા અને સંયમ હોવાં જોઈએ. જ્યારે મનમાં સતત તાણ અનુભવાય, શારીરિક તેમજ માનસિક આરોગ્ય બગડવા લાગે, સંબંધો તેમજ સામાજિક સમીકરણોને ક્ષતિ પહોંચતી થાય, વર્તમાન ખોવાતો જાય અને તટસ્થતાથી વિચારતા લક્ષ્ય લગભગ સંભવ જણાય ત્યારે ‘દોડ’ છોડી દેવી જોઈએ. ભવિષ્ય માટે લક્ષ્યની પ્રાપ્તિના પ્રયત્નો કરતાં વર્તમાનની પરિસ્થિતિથી શાંતિ મળવાની સંભાવના વધુ હોય છે. દરેક અભિલાષા પાછળ મર્યાદા જળવાવવી જોઈએ. જ્યારે અપેક્ષા અને વાસ્તવિકતા બનશે અંતર વધુ હોય ત્યારે સૌથી વધુ તકલીફ પડે. લાંબી દોડ મૂક્યાં પછી પણ જો ઈચ્છિત પ્રાપ્ત ન થાય તો પરિસ્થિતિનો સ્વીકાર કરી લેવો જોઈએ; જરૂરી નથી કે જીવનમાં બધાંને બધું જ મળે. સમગ્ર પ્રયત્નમાં કોઈક અનુભવ પ્રાપ્ત થયો હોય છે,

જે નથી તે પ્રાપ્ત કરવાની ઈચ્છા એટલે જ તૃષ્ણા. એક દ્રષ્ટિકોણ મુજબ તૃષ્ણા એટલે એવી ઈચ્છા જેનાં સંતોષાવાની સંભાવના લગભગ નહિવત હોય છે. તૃષ્ણા મનને સતત અશાંત રાખે છે. આ તૃષ્ણાને કારણે જ ‘જે નથી’ તે સ્વીકારવું મુશ્કેલ બને છે. સંતોષ, સમજ, વિવેક, સંયમ, વૈરાગ્ય, સાધના, ભક્તિ, જ્ઞાન તથા પરિપક્વતા જેવા સકારાત્મક ગુણોથી તૃષ્ણાથી મુક્તિ સંભવ બને. એમ કહી શકાય કે તૃષ્ણાને ‘હજુ વધુ જોઈએ’ જ્યારે સકારાત્મક ગુણો એમ કહે કે ‘જે છે તે પૂરતું છે અને જે નથી તે નથી’.

મનોવિજ્ઞાન અને ન્યુરોસાયન્સ અનુસાર માણસને સતત નવી વસ્તુઓ, સફળતા અથવા અનુભવની પાછળ દોડાવનાર મુખ્ય તત્વ ડોપામીન છે. આ આપણા મગજનું એક મહત્વપૂર્ણ રસાયણ છે, જે પ્રેરણા અને પુરસ્કારની ભાવના સાથે જોડાયેલું છે. મનમાં સ્થાપિત થતી ઉત્સાહ, આનંદ, પ્રેરણા અને પ્રયત્નની ભાવનાનું તે મૂળ છે. એમ કહી શકાય કે ડોપામીનનું કામ વધારે સુખની અપેક્ષા ઉભી કરવાનું છે. ડોપામીન વધારે સક્રિય થાય ત્યારે કંઈક નવું મેળવવાની કલ્પના, સફળતા મળવાની આશા, એ માટેના પ્રયત્નો માટે એક પ્રકારનો ઉત્સાહ અને સમગ્ર પ્રક્રિયામાં આનંદ મળવાની સંભાવના વધુ રહે. મનોવિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે ડોપામીન પર સંપૂર્ણ નિયંત્રણ રાખવું શક્ય નથી પરંતુ સકારાત્મક વિચારશીલતા, કૃતજ્ઞતા, અર્થપૂર્ણ લક્ષ્ય, વિવેક તેમજ સંયમ જેવી બાબતોથી તેનું પ્રભુત્વ મંદ પડી શકે.